# વસંતના વધામણાં વચ્ચે નિખરતી પાનખર

## સુરજદાદા પણ તીખા તેવરમાં : પારો ૩૫ ડીગ્રી : લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેવડો તફાવત : ગરમીની મોસમ મુડ બનાવી રહી છે



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૨૮

ફાગણ ફોરમતો આવે તે પહેલા નગરમાં નિખરેલી પાનખરની મૌસમ વચ્ચે ગરમીની ઋતુએ મુડ બનાવી લીધી હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. વિદાય લેતી ઠંડીની મૌસમ સાથે મોડી રાતે અને વહેલી સવારે હજુ ગુલાબી ઠંડીનો ચમકારો વર્તાય છે.ત્યારે બદલાતા ઋતુ ચક્ર ના લીધે દિવસની ગરમી ધીમે ધીમે અસહય બનતી જાય છે.લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેવડા તફાવત વચ્ચે ગરમીની મૌસમ નિખરતી જાય છે. તાપમાન ૩૫ ડી ગ્રીએ પહોંચતા ઉનાળાનો વિધિવત પ્રારંભ થઈ ગયો હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે.

ગ્રીનસીટીમાં મૌસમનો મિજાજ પણ નેતાઓની જેમ ગમે ત્યારે બદલાય છે. ક્યારેક ઠંડીના પારાની દોટ વચ્ચે ઠંઠવાતા નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. બીજીતરફ વાતાવરણમાં વારંવાર નાટયાત્મક પલ્ટાના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશી નઝારો પણ ગમે ત્યારે બદલાય છે. મૌસમના સતત બદલાતા તેવરના લીધે નગરજનો સુસ્તી સહીતની આડઅસરો પણ અનુભવે છે. વિધિવત રીતે શિયાળાની વિદાયને હજુ થોડો સમય બાકી છે. પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી ગરમીનો પારો વધતા નગરજનો ઉનાળાનો અહેસાસ કરી રહયા છે. ગરમી ઉગ્ર બનતી જાય છે. દિવસનો તાપ આકરો બન્યો છે. દિવસના સમયે ઓફિસો અને ઘરોમાં એ સી ધમધમતા થઈ ગયા છે. નગરમાં વસંતોત્સવની ઉજવણી સાથે ગ્રીષ્મ ઋતુનુ આગમન થઈ ગયુ હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૫ ડી ગ્રી નોંધાયુ હતુ. જેના પરિણામે નગરજનોએ દિવસના આકરો તાપ અનુભવ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન ૧૬ ડી ગ્રી રહયુ હતુ. વાતાવરણમાં ભેજના પ્રમાણમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

# આજે પંચાયતની શિક્ષણ, આરોગ્ય અને બાંધકામ સમિતિના ચેરમેનોની નિયુક્તી થશે

## ત્રણ તબક્કામાં ચેરમેનોની નિયુક્તી કરવાનો કોંગ્રેસે કરેલો નિર્ણય છ સમિતિઓના ચેરમેનોની નિયુક્તી થઈ ગઈ છે : રાજકીય ઉત્તેજનાઓ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની ત્રણ મહત્વની સમિતિઓ શિક્ષણ સમિતિ, બાંધકામ સમિતિ અને આરોગ્ય સમિતિના ચેરમેનોની નિયુક્તી આજે હાથ ધરવામાં આવશે.

જિલ્લા પંચાયતની નવ સમિતિઓ પૈકી બાકી રહેલી આ ત્રણ સમિતિઓમાં માણસા તાલુકાનો દબદબો રહેશે તેમ રાજકીય વર્તુળોમાંથી મળતા સંકેતો નિર્દેશ કરી રહ્યા છે.

જિલ્લા પંચાયતની નવ સમિતિઓ પૈકી છ સમિતિઓની રચના થઈ ચુકી છે. પંચાયતમાં પહેલીવાર તબક્કાવાર ચેરમેનોની નિયુક્તી હાથ ધરવાનો નિર્ણય પ્રદેશ કક્ષાએથી લેવાયો હતો. પ્રમુખપદની ચૂંટણી વેળાએ જે રીતે જૂથબંધી બહાર આવી હતી તેને ધ્યાને રાખી પ્રદેશ કક્ષાએથી આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું કોંગ્રેસના પદાધિકારીઓ સ્વીકારી રહ્યા છે.

આજે સૌથી પહેલાં બાંધકામ સમિતિની પ્રથમ બેઠક ૧૧ વાગે મળશે આ પછી ૧૧.૩૦ વાગે આરોગ્ય સમિતિની અને ૧૨ વાગે શિક્ષણ સમિતિની બેઠક મળશે.

મળતી વિગતો મુજબ સમિતિના ચેરમેનોની નિયુક્તી અંગેનો મેન્ડેટ પ્રદેશ કક્ષાએથી આવશે અને સમિતિની બેઠકમાં તેના વાંચન સાથે ઉમેદવારના નામની ઘોષણા પણ કરાશે. સભ્યોને સમિતિની બેઠકમાં મેન્ડેટ પણ આપવામાં આવશે.

જિલ્લા પંચાયતની નવ સમિતિઓની રચના પછી સમિતિઓના ચેરમેનો કાર્યભાર સંભાળી લેશે અને તે સાથે જ જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓનો ધમધમાટ પણ અલગ અલગ સમિતિઓનો શરૂ થશે તેમ મનાઈ રહ્યું છે. આજે રચાનારી સમિતિઓના ચેરમેનોની નિયુક્તીને લઈ જિલ્લામાં રાજકીય અટકળો પણ વધી જવા પામી છે.

# ગુજરાતના વિદ્યાર્થીઓને ગુજરાતીના પ્રશ્નો અઘરા લાગ્યા : તલાટીની પરીક્ષા સંપન્ન

## જિલ્લામાં ૭૭૦૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા : ૧૧૫ કેન્દ્રો પર શાતિપૂર્ણ રીતે પરીક્ષા સંપન્ન

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત ગૌણ સેવા આયોગ દ્વારા આજે મહેસુલી તલાટીઓની યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ છે.

જિલ્લામાં ૧૧૫ કેન્દ્રો પર લેવાયેલ આ પરીક્ષામાં ૭૭૦૦ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. પરીક્ષા દર્મ્યાન કોઈજ અનિચ્છનીય બનાવ બન્યો ન હોવાનું તંત્રના અધિકારીઓએ જણાવ્યું છે.

આજની આ પરીક્ષામાં ગુજરાતીના પુછાયેલા પ્રશ્નોથી વિદ્યાર્થીઓ થોડાક મુંઝાયા હતા. એકંદરે પેપર સરળ હતુ તેવો મત પરીક્ષાર્થીઓએ વ્યકત કરતાં એવુ જણાવ્યું હતું કે પેપર લાંબુ વધારે લાગ્યુ. જોકે આજના પેપરમાં જે રીતે પર્યાયી શબ્દ પ્રયોગોનો ઉપયોગ કરી અને પ્રશ્નો રજુ થયા હતા તેને લઈ વિદ્યાર્થીઓ ઘણુ બધુ છુટી ગયાની વાતો કરી હતી.

આ પરીક્ષામાં ગણિત-અંગ્રેજીના પ્રશ્નો ઘણા સરળ રહ્યાનું પણ વિદ્યાર્થીઓમાં ચર્ચાતુ હતુ. જો કે આખુ પ્રશ્નપત્ર ટાઈમ મેનેજમેન્ટ માગી લે તેવો મત પણ પરીક્ષાર્થીઓ વ્યક્ત કરતા નજરે પડ્યા હતા.

આ પરીક્ષા પછી સૌથી વધુ ચિંતા અને પડકાર જો કોઈ ઉભરી આવતો હોય તો ગુજરાતી ભાષાના મહાવરામાં વિદ્યાર્થીઓ જે થાપ ખાઈ રહ્યા છે તેને લઈ એક મોટો પડકાર તંત્ર માટે ઉભો થશે.

મહેસુલી ટલાટીની આ જગ્યામાં ગુજરાતીના જ્ઞાનનો અભાવ ચિંતાનો વિષય પુરવાર થશે તેમ કેટલાક શિક્ષણપ્રેમીઓ માની રહ્યા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

રાષ્ટ્રીય યોગાસન સ્પર્ધા - ગાંધીનગરના પાદરે અડાલજ ત્રિમંદિર ખાતે રાષ્ટ્રીય યોગાસન સંપર્ધા ભારે ઉલ્લાસભર્યા વાતાવરણમાં યોજાઈ હતી... દેશભરમાંથી ૭૮ ટીમોએ ભાગ લીધો હતો અને એક-એકથી ચડિયાતા યોગાસનના પ્રયોગો રજૂ કરી નિર્ણાયકો અને આમંત્રિતોને રોમાંચિત કર્યા હતા.

# શહેરના અગ્રણી પંકજ શુક્લના ધર્મપત્ની સોનલબેનનું નિધન

ગાંધીનગર, તા.૨૮

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગરના પૂર્વ પ્રમુખ અને દૂધ



વાપરનારાઓની સહકારી મંડળીના ડિરેક્ટર શ્રી પંકજભાઈ શુક્લના ધર્મપત્ની સોનલબેન શુક્લનું વહેલી સવારે હ્રદયરોગના હુમલામાં અવસાન થતાં સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી.

સદગતની અંતિમયાત્રામાં બ્રહ્મસમાજના અગ્રણીઓ સહિત સહકારી આગેવાનો અને પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

હજુ એક પખવાડિયા પહેલા પંકજભાઈ અને સોનલબેનની દિકરી વિધિ શુક્લ અમેરિકા જવા માટે રવાના થયા હતા. વિધિના લગ્ન બાદ સોનલબેનને સંકલ્પ હતો કે દિકરી અમેરિકા સ્થાયી થાય એટલે મને હાશ થાય. દિકરીના અમેરિકા ગયા બાદ સોનલબેનની અંતિમ વિદાયથી પરિવારજનો ભારે દ્રવિત થયા હતા.

સદગતનું બેસણું તા. ૩/૩/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૮ થી ૧૧ દરમિયાન બ્રહ્મભવન, સેકટર-૧૬ ખાતે રાખેલ છે.

# મનપાની ચૂંટણી બહુકોણીય બનશે

## નવી સીમાંકન ''નો રીપીટ' થીયરી અપનાવવા પક્ષોને મજબુર કરશે : પાટનગરમાં રજીસ્ટર્ડ થયેલ પક્ષ પહેલો જંગ લડશે

ગાંધીનગર, તા. ૨૮

આગામી એપ્રિલમાં યોજાનાર ગાંધીનગર મહાનગરપાલિકાનો ચૂંટણી જંગ બહુકોણીય બનશે તેવા સંકેતો પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની બીજી સામાન્ય ચૂંટણીને લઈ તંત્ર દ્વારા જેમ તૈયારીઓ આરંભાઈ છે તેવી જ રીતે રાજકીય પક્ષોએ પણ તૈયારીઓ આરંભી દીધી છે. આ ચૂંટણીમાં પ્રાદેશિક પક્ષ પણ ઝંપલાવવાનો છે તેવા સંકેતો ગાંધીનગરમાં જ કર્મચારીઓએ સ્થાપેલા પક્ષે આપી દીધા છે.

આ ચૂંટણી માટે ભાજપ કોંગ્રેસ સહિતના પક્ષો તેમની વ્યુહરચના તૈયાર કરવામાં વ્યસ્ત બન્યા છે. આજે ચૂંટણી પંચે રાજકીય પ્રશ્નો સાથે પરામર્શ બેઠક યોજી છે અને આ સપ્તાહમાં જ વોર્ડ સીમાંકન અંગેના આખરી આદેશો જારી થતાં જ પાટનગરમાં રાજકીય ગરમાવો વધશે.

જે રીતે નગરનુ સીમાંકન થયુ છે તે આમ તો નો રીપીટ થીયરીનો અલગ જ પ્રકાર રહેલ છે એટલે ભાજપ-કોંગ્રેસ બન્નેમાં અસંતુષ્ટો વધશે અને પાટનગરમાં પહેલીવાર પોલીટીકલ પોષરાઈઝેશન થતુ જોવા મળશે. આ સ્પર્ધા બન્ને પક્ષો વચ્ચે સીધી સ્પર્ધા નહિ હોય તેવું મનાઈ રહ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાનો ચૂંટણી જંગ ગાંધીનગરમાં રાજકીય ગરમાવો લાવશે તેમાં કોઈ બેમત નથી. મળતા સંકેતો મુજબ આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટી, બસપા, એન.સી.પી. ઉપરાંત પ્રાદેશિક રજીસ્ટર્ડ પક્ષ પણ ઝંપલાવશે. આમ ગાંધીનગમરાં અપક્ષ ઉમેદવારો કેટલી ઉમેદવારી નોંધાવશે તે પણ એક ચર્ચાનો વિષય બન્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકા પાસે હાલ સફાઈ સિવાય અન્ય કોઈ સત્તાઓ છે નહિ છતાં પણ આગામી દિવસોમાં રાજકીય શાબ્દીક યુદ્ધનું મેદાન પાટનગર બનશે તેમ મનાઈ રહ્યુ છે. આ માટે ભાજપ-કોંગ્રેસ બન્ને પોતાના વીજન રજુ કરવાના છે તેવા સંકેતો પણ મળી રહ્યા છે. ત્યારે આ જંગ રસપ્રદ બની રહેશે તેમ મનાઈ રહ્યું છે.

# જુના બીલના આધારે વેરો સ્વીકારવામાં આવશે

## સમયસર વેરા ભરી વળતરનો લાભ લેવા અપીલ : બીલના મળ્યા હોય તેવા કીસ્સામાં જુના બીલની પહોંચ રજુ કરી વેરો ભરી શકાશે

ગાંધીનગર તા ૨૮

શહેરમાં પાણી ગટર વેરા અન્વયે વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષ માટે એડવાન્સ વસુલાત હાથ ધરવામાં આવી છે. પાણી ગટર વેરાની વસુલાતને અનુલક્ષી તંત્ર દ્વારા બીલની વહેંચણી કરવામાં આવી છે. જયારે બીલ ન મળ્યા હોય તેવા કીસ્સામાં જુના બીલની પહોંચના આધારે પણ વેરો સ્વીકારવામાં આવશે.આગામી તા ૩૧ માર્ચ સુધીમાં વેરાની ચુકવણી કરવા બદલ વળતરનો લાભ પણ આપવામાં આવશે.

શહેરમાં દરવર્ષે પાણી ગટર વેરાની વસુલાત માટે ઝુંબંશ હાથ ધરવામાં આવે છે . જયારે પાણી ગટર વેરાની વસુલાત માટે ફેબ્રુઆરી મહીના દરમિયાન બીલની વહેંચણી પણ કરી દેવામાં આવે છે. આગામી વેરા વસુલાતની કામગીરીને અનુલક્ષીને તંત્ર દ્વારા બીલની વહેંચણી કરી દેવામાં આવી છે. પરંતુ કેટલાક સેકટરોમાં રહીશોને બીલ ન મળ્યા હોય તેવા કીસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા જુના બીલના આધારે પણ વેરાની વસુલાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પાણી ગટર વેરાની વસુલાત અન્વયે જોડાણકર્તાઓને વિશેષ વળતરનો પણ લાભ આપવામાં આવે છે.આવા સંજોગોમાં નિયત સમયે વેરો ભરપાઈ કરી નાગરિકોને વળતરનો લાભ લેવા જણાંવાયુ છે. સે-૩ની ડ્રેનેજ ઈન્કવાયરી તેમજ સે-૧૬ પાટગર યોજના ભવન ખાતે વેરાની રકમ સ્વીકારવામાં આવશે. ટેકનિકલ કારણોસર બીલ ન મળ્યુ હોય તેવા કીસ્સામાં રહીશોને જુના બીલના આધારે સમયસર વેરો ભરી દેવા પણ જણાંવાયુ છે.

## બેસણું



અમારા પિતાજી **શનાભાઈ જોઈતાજી ઠાકોર**નું તા. ૨૫/૨/૨૦૧૬ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૯/૨/૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી બપોરે ૧-૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : મુ.પો. ધણપ, ઠે. મોટો ઠાકોરવાસ, તા.જી. ગાંધીનગર


લી.

**મહોતભાઈ ભેમાજી ઠાકોર** | **કનુભાઈ શનાજી ઠાકોર**
**દિપકભાઈ અંબાલાલ ઠાકોર** | **વજાભાઈ શનાજી ઠાકોર**
**ગેબાભાઈ શનાજી ઠાકોર**

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515




જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com